| | | |
|---|---|---|
| | જનસંપર્ક અધીકારી દ્વારા<br>પોલીસ કમિશનરશ્રીની કચેરી,<br>અમદાવાદ શહેર (P.R.O.)<br>ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩<br>કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,<br>૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦ | |

**તા.૦૩/૧૨/૨૦૨૦ ગુરૂવાર**

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં**
**આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-** **સમાચાર યાદી નં.૨૦૮૧/૨૦૨૦**

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૦૨/૧૨/૨૦૨૦ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.**

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૦૮૯૦ | ૦૩ | ૧૦૮૯૩ | ૧૭૦૧૯ | ૩ | ૧૭૦૨૨ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૪૭૯ | ૧૯ | ૪૪૯૮ | ૫૯૯૯ | ૨૦ | ૬૦૧૯ |
| ૩ | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૫૫ | ૧ | ૫૬ | ૨૩૪ | ૦ | ૨૩૪ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૧૬૯૯૩ | ૧૨૯ | ૧૭૧૨૨ | ૧૭૯૩૭ | ૧૩૬ | ૧૮૦૭૩ |
| | કુલ | ૩૨૪૧૭ | ૧૫૨ | ૩૨૫૬૯ | ૪૧૧૮૯ | ૧૫૯ | ૪૧૩૪૮ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૧૨૪ | ૧૨,૧૦,૬૫૦/- |

| પત્રક-3 | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૧૩૯૧ | ૧૩,૯૧,૦૦૦/- |

# કોરોના વાયરસ સંક્રમણમાં આવતા અવસાન પામેલ (કોરોના વોરીયર્સ) પોલીસ કર્મચારીઓના આશ્રીતોને સરકારશ્રીએ નિયત કરેલ આર્થિક સહાય મુજબ મે.પોલીસ કમિશનરશ્રીના હસ્તે રૂ.૨૫,૦૦,૦૦૦/- (રૂપિયા પચ્ચીસ લાખ) ની રકમનો ચેક અર્પણ.

અમદાવાદ શહેર નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરજ બજાવતા પો.સ.ઈ. સ્વ.શ્રી અશોકકુમાર નટવરલાલ ભટ્ટ (જન્મ તા.૦૧/૦૨/૧૯૬૩) નાઓ તા.૧૩/૦૮/૧૯૮૨ ના રોજ બિન હથિયારી પોલીસ કોન્સટેબલ તરીકે પોલીસ ખાતામાં જોડાયા હતા. તા.૨૦/૦૯/૨૦૨૦ નારોજ કોરોના વાયરસ સંક્રમણમાં દુ:ખદ અવસાન થયુ હતુ. તેઓશ્રીએ આડત્રીસ વર્ષ અને એક માસ અમદાવાદ શહેર પોલીસ દળમાં ફરજ બજાવી હતી. મર્હુમ ના પરિવારમાં તેઓની વિધવા પત્ની શ્રીમતી રંજનબહેન અશોકકુમાર ભટ્ટ (ઉ.વ.૫૨) અને સંતાનમાં તેમને ત્રણ પુત્રી અને બે પુત્રો છે. જે અશોકકુમાર નાઓનું કોરોના વાયરસ સંક્રમણને કારણે અવસાન થતા તેમના વારસદાર (આશ્રીત) ને સરકારશ્રીએ નિયત કરેલ આર્થિક સહાય રૂપિયા ૨૫,૦૦,૦૦૦/- મંજુર થતા, કાયદેસરના વારસદાર (આશ્રીત) મર્હુમ સ્વશ્રી અશોકકુમાર નટવરલાલ ભટ્ટના ધર્મ પત્ની રંજનબહેન અશોકકુમાર ભટ્ટ નાઓને આજે તા.૦૩/૧૨/૨૦૨૦ નારોજ અમદાવાદ શહેર પોલીસ કમિશનરશ્રી નાઓના હસ્તે પોલીસ કમિશનરની કચેરી ખાતે સન્માન પુર્વક આર્થિક સહાય પેટે રૂપિયા ૨૫,૦૦,૦૦૦/- નો ચેક અર્પણ કરવામાં આવેલ છે.



# ચોરીના ગુનાના આરોપીની અટકાયતની વિગત

## સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન :

### વાહન ચોરીના 02 ગુના ડિટેકટ કરવામાં આવ્યા

શ્રી સંજય શ્રીવાસ્તવ સાહેબ, પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓના હુકમથી તથા શ્રી આર.વી.અસારી સાહેબ સંયુક્ત પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૧ તથા શ્રી ડો. રવિન્દ્ર પટેલ સાહેબ નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૧ તથા શ્રી એમ.એ.પટેલ સાહેબ મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી એ-ડીવીઝન નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ મીલ્કત સબંધી ગુનાઓ અટકાવવા તેમન વાહન ચોરીના ગુનાઓ સોધી કાઢવા કરેલ સુચના આધારે સીનીયર પોલીસ ઇન્સ્પેક્ટર જે.પી.જાડેજા નાઓના સીધા સુપરવિઝન હેઠળ સર્વેલન્સ પો.સ.ઇ જે.જે.રાણા તથા બનાવેલ ટીમને વાહન ચોરીના બનેલ ગુનાઓ શોધી કાઢવા સુચના કરેલ હોય જે આધારે સર્વેલન્સ સ્કોડના અ.લોકરક્ષક વાલજીભાઇ ભોપાભાઇ તથા અ.લોકરક્ષક માધુભાઇ પોલાભાઇ નાઓની સંયુક્ત બાતમી આધારે નીચે જણાવેલ આરોપીઓ મુદામાલ સાથે પકડી પાડી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

**આરોપી:-** (૧) સંજય ગીનાભાઇ દેવીપુજક ઉ.વ.૨૨ રહે.ઓગણજ ગામ જવાના કાચા રસ્તા ઉપર જોગણી માતાના મંદિર પાસે વડની નીચે છારોડી ગામ મુળ ગામ.સરસાવડી તા.વિરમગામ જી.અમદાવાદ

(૨) વિનોદ ઉર્ફે વિનુ લાલજીભાઇ ચારોલીયા ઉ.વ.૨૯ રહે. ઓગણજ ગામ જવાના કાચા રસ્તા ઉપર જોગણી માતાના મંદિર પાસે વડની નીચે છારોડી ગામ મુળ ગામ.સરસાવડી તા.વિરમગામ જી.અમદાવાદ

**મુદામાલ રિકવર:-** (૧) સ્પ્લેન્ડર પ્લસ મો.સા. નંગ-૧ કિ.રૂ.૧૦,૦૦૦/- (૨) ડીલક્ષ મો.સા. કિ.રૂ. ૧૦,૦૦૦/- મળી કુલ્લે કિ.રૂ. ૨૦,૦૦૦/-

**શોધાયેલ ગુનાઓ:-**

(૧) સોલા પો.સ્ટે. પાર્ટ-એ-૧૧૧૯૧૦૪૫૨૦૨૦૬૯ ઇપીકો કલમ ૩૭૯

(૨) સોલા પો.સ્ટે. પાર્ટ-એ-૧૧૧૯૧૦૪૫૨૦૨૦૭૦ ઇપીકો કલમ ૩૭૯

આ કામગીરીમા સુપરવિઝન જે.પી.જાડેજા સીનીયર પોલીસ ઈન્સ્પેકટર, તથા સર્વેલન્સ સ્કોડ પો.સ.ઇ. જે.જે.રાણા તથા સર્વલન્સ સ્કોડના હે.કો રઘુવિરસિંહ પ્રતાપસિંહ તથા હે.કો ઇન્દ્રજીતસિંહ નવલસિંહ તથા પો.કો અજીતસંગ નારસંગ પો.કો વાલજીભાઇ ભોપાભાઇ તથા અ.લોકરક્ષક માધુભાઇ પોલાભાઇ તથા સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશનના સ્ટાફના માણસો જોડાયેલા હતા.

# પ્રોહીબીશનના ગુનાના આરોપીની અટકાયતની વિગત

## નરોડા પોલીસ સ્ટેશન (૧)

## પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીગ દરમ્યાન ભારતીય બનાવટના ઇંગ્લીશદારૂ ની બોટલ નંગ-૧૨ કિંમત રૂ.૬૦૦૦/- તથા એકટીવા જેની કિરૂ, ૧૦,૦૦૦/- મુદામાલ પકડી પાડતી નરોડા પોલીસ

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા સંયુક્ત પો.કમેશ્નર શ્રી સેક્ટર-૨ સાહેબ તથા ના. પો.કમીશ્નર શ્રી ઝોન-૪ તથા મ.પો.કમીશ્નરશ્રી "જી" ડીવીઝન તથા પો.ઇન્સ શ્રી જે.જી.પટેલ સાહેબ નાઓની સુચના આધારે પ્રોહીબીશનની બદી નેસ્તનાબુદ કરવા સારૂ સુચના કરેલ હોય જે અનુસંધાને નરોડા પોલીસ સ્ટેશનના પોલીસ ઇન્સ્પેક્ટરશ્રી એચ.કે.સોલંકી નાઓની સુચના મુજબ પો.સ.ઇ. એ.એમ.પટેલ તથા સાથેના માણસો પેટ્રોલીંગમા હતા. ખાનગી બાતમી હકીકત આધારે "નરોડા હંસપુરા ગામ પટેલ વાસ ખાતે જાહેરમાં થી એક આરોપી નામે લકીરાજસિહ દશરથસિહ જાડેજા ઉ.વ.૨૦ રહેમ પટેલ વાસ હંસપુરા ગામ નરોડા અમદાવાદ શહેર નાને ભારતીય બનાવટના ઇંગ્લીશદારૂની બોટલ નંગ નંગ-૧૨ કિંમત રૂ.૬૦૦૦/- તથા એકટીવા કિરૂ, ૧૦,૦૦૦/- કુલ્લે મુદ્દામાલ ૧૬,૦૦૦/- મુદામાલ સાથે તા.૦૨/૧૨/૨૦૨૦ ના કલાક ૨૦/૧૫ વાગે વિરુધ્ધ ધી પ્રોહી કલમ ધી પ્રોહી. એક્ટ કલમ ૬૬(૧)બી, ૬૫એ.ઇ, ૧૧૬(બી), ૯૮(૨) મુજબના ગુન્હો દાખલ કરી સારી કામગીરી કરેલ છે. તા.૦૩/૧૨/૨૦૨૦

**આરોપીનુ નામ** લકીરાજસિહ દશરથસિહ જાડેજા ઉ.વ.૨૦ રહેમ પટેલ વાસ હંસપુરા ગામ નરોડા અમદાવાદ શહેર

**મુદ્દામાલ** ભારતીય બનાવટના ઇંગ્લીશદારૂની બોટલ નંગ નંગ-૧૨ કિંમત રૂ.૬૦૦૦/- તથા એકટીવા જેની કિરૂ, ૧૦,૦૦૦/- કુલ્લે મુદ્દામાલ ૧૬૦૦૦/-

**કામગીરી કરનાર કર્મચારી**

સર્વે સ્વોડ પો.સ.ઇ. એ.એમ.પટેલ તથા એ.એસ.આઇ. જેઠાભાઇ બેચરભાઇ બ.નં- ૮૦૩૨ તથા પો.કો. નારણભાઇ રાણસીભાઇ બ.નં- ૧૧૬૬ તથા પો.કો. દેવેન્દ્રસિંહ ભીખુભા બ.નં.૨૫૧ તથા પો.કો. લાલાભાઇ રચાભાઇ બ.નં-૧૩૨૪






## નરોડા પોલીસ સ્ટેશન (૨)

### પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીગ દરમ્યાન ૪૫ લીટર દેશીદારૂ સાથે એક પુરૂષ તથા એક મહીલાને એક્સેસ સ્કુટર સાથે પકડી પાડતી નરોડા પોલીસ

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા સંયુક્ત પો.કમેશ્નર શ્રી સેક્ટર-૨ સાહેબ તથા ના. પો.કમીશ્નર શ્રી ઝોન-૪ તથા મ.પો.કમીશ્નરશ્રી "જી" ડીવીઝન તથા પો.ઇન્સ શ્રી સાહેબ નાઓની સુચના આધારે પ્રોહીબીશનની બદી નેસ્તનાબુદ કરવા સારૂ સુચના કરેલ હોય જે અનુસંધાને નરોડા પોલીસ સ્ટેશનના પો.ઇન્સશ્રી એચ.કે.સોલંકી નાઓની સુચના મુજબ સર્વે.સ્ક્વોડ પો.સ.ઇ. એ.એમ.પટેલ તથા સાથેના માણસો પેટ્રોલીંગમા હતા. દરમ્યાન ખાનગી બાતમી હકીકત આધારે નરોડા પાટીયા સર્કલ ખાતેથી દેશીદારુની એક ઇસમનામે દિવેશ ઉર્ફે ગુડ્ડુ સ/ઓફ રાજુભાઇ ગુમાનેકર ઉ.વ.૨૯ રહે, ફ્રી કોલોની પાણીની ટાંકી પાસે છારાનગર સરદારનગર અમદાવાદ શહેર +૧= ૨ નાને એકસીસ સ્કુટર સાથે ઉપરોક્ત જગ્યાએથી ૪૫ લીટર દેશીદારુ ભરેલ પ્લાસ્ટીક ના કેરબાઓની કિરૂ, ૯૦૦/- તથા એકસીસ સ્કુટર જેની કિમંત- ૨૦,૦૦૦/- તથા એક મોબાઇલ ફોનની કિરૂ, ૮૦૦૦/- જે મળી કુલ્લે -૨૮,૯૦૦/- નો મુદ્દામાલ સાથે તા.૦૩/૧૨/૨૦૨૦ ના કલાક ૦૧/૩૦ વાગે પકડી જેના વિરુધ્ધ ધી પ્રોહી કલમ ૬૬(૧)બી, ૬૫ ઇ, ૮૧, ૯૮(૨) મુજબનો ગુન્હો દાખલ કરી સારી કામગીરી કરેલ છે. તા.૦૩/૧૨/૨૦૨૦

### આરોપીનુ નામ –

(૧)દિવેશ ઉર્ફે ગુડ્ડુ સ/ઓફ રાજુભાઇ ગુમાનેકર ઉ.વ.૨૯ રહે, ફ્રી કોલોની પાણીની ટાંકી પાસે છારાનગર સરદારનગર અમદાવાદ શહેર

(૨) અક્ષિતા વા/ઓફ દિવેશભાઇ રાજુભાઇ ગુમાને ઉ.વ.૨૭ રહે, સદર

### મુદ્દામાલ –

૪૫ લીટર દેશીદારૂ ભરેલ પ્લાસ્ટીક ના કેરબાઓની કિરૂ, ૯૦૦/- તથા એકસીસ સ્કુટર જેની કિમંત- ૨૦,૦૦૦/- તથા એક મોબાઇલ ફોનની કિરૂ, ૮૦૦૦/- જે મળી કુલ્લે -૨૮,૯૦૦/- નો મુદ્દામાલ

### કામગીરી કરનાર કર્મચારી

સર્વે સ્વોડ પો.સ.ઇ. એ.એમ.પટેલ તથા એ.એસ.આઇ. જેઠાભાઇ બેચરભાઇ બ.નં- ૮૦૩૨ તથા પો.કો. નારણભાઇ રાણસીભાઇ બ.નં- ૧૧૬૬ તથા પો.કો. દેવેન્દ્રસિંહ ભીખુભા બ.નં.૨૫૧ તથા પો.કો. લાલાભાઇ રચાભાઇ બ.નં-૧૩૨૪

# જુગારના ગુનાના આરોપીની અટકાયતની વિગત

નરોડા પોલીસ સ્ટેશન :

## નરોડા પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગ દરમ્યાન ૫ આરોપી સહીત રોકડ રૂ. ૨૩૨૪૦/- તથા મોબાઇલ ફોન નંગ. ૫ કિ.રૂ. ૧૮,૦૦૦/- તથા એક મો.સા. કિં.રૂ.૫૦,૦૦૦/- તથા ગંજીપાના નંગ-૧૫૬ કિં.રુ. ૦૦/૦૦ મળી કુલે કિં.રૂ. ૯૧૨૪૦/- સાથે જુગાર રમતા ઇસમોને પકડી પાડતી નરોડા પોલીસ

મે. પોલીસ કમિશ્નર શ્રી, અમદાવાદ શહેર. તથા સંયુકત પોલીસ કમિશ્નર શ્રી સેકટર -૨ સાહેબ તથા ના.પો.કમિ શ્રી ઝોન -૪ સાહેબ તથા મ.પોલીસ કમિ શ્રી જી ડીવીઝન તથા પો.ઇન્સ શ્રી એચ.કે.સોલંકી સાહેબ નાઓની સુચના મુજબ જુગાર તથા પ્રોહીબીશનની બદી નેસ્તનાબુદ કરવા સારુ પો.સબ,ઇન્સ એસ એમ ઠાકોર તથા સ્ટાફના માણસો સાથે પો.સ્ટે.વિસ્તારમાં પેટ્રોલીંગમાં હોય. દરમ્યાન નરોડા હરીદર્શન ચાર રસ્તા પાસે આવેલ અવની સ્કાય શોપીંગ સેન્ટર દુકાન નં-૧૪ ખાતે આરોપી દશરથભાઇ ગીરીજાશંકર વ્યાસ નાનો પોતાની દુકાનમાં માણસો બેસાડી પૈસા પાનાથી હારજીતનો જુગાર રમી રમાડતો હોવાની બાતમી આધારે રેઇડ કરતા આરોપી દશરથભાઇ ગીરીજાશંકર વ્યાસ ઉ.વ ૬૦ રહે-બી/૧૨ અંબિકાપાર્ક સોસા. સ્વામિનારાયણ મંદીર પાસે અવની સ્કાય પાછળ નરોડા અમદાવાદ +૪=૫ તથા નહી પકડાયેલ આરોપી નામે રાજેંદ્રભાઇ ઉર્ફે કાભઇ પટેલ જેમાં પકડાયેલ ઇસમોની અંગજડતીના નાંણા રૂ. ૧૮૪૪૦/-તથા દાવના નાંણા રૂ.૪૮૦૦/-તથા ગંજીપાના નંગ-૧૫૬ કિ.રૂ.૦૦/૦૦ તથા મોબાઇલ નંગ-૫ કિ.રૂ.૧૮૦૦૦/- તથા એક ટી.વી.એસ કંપનીનુ રેડીયર મો.સા જેની કુલ્લે કી. રૂ.૫૦,૦૦૦/- સાથે કુલ્લે કિ.રૂ.૯૧૨૪૦/- ના મુદ્દામાલ કબ્જે કરી જુગાર ધારા કલમ ૪,૫ મુજબ અટક કરી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે. તા-૦૨/૧૨/૨૦૨૦

**આરોપીનુ નામ -**

(૧)દશરથભાઇ ગીરીજાશંકર વ્યાસ ઉ.વ ૬૦ રહે-બી/૧૨ અંબિકા પાર્ક સોસાયટી સ્વામિનારાયણ મંદીર પાસે અવની સ્કાય પાછળ નરોડા અમદાવાદ

(૨)નટુભાઇ સવજીભાઇ પટેલ ઉ.વ ૪૮ રહે-૩૮ ઇલા કોલોની ઇન્ડીયા કોલોની બાજુમાં બાપુનગર

(૩)શંકરભાઇ વિરચંદભાઇ પટેલ ઉ.વ ૬૭ રહે-એ/૧૦૮ શુકલામ ફ્લેટ અમિકુંજ ચાર રસ્તા નારણપુરા અમદાવાદ (૪) છગનલાલ મણીલાલ ઠક્કર ઉ.વ ૬૭ રહે-એ/૧૧૦ શુકલામ ફ્લેટ અમિકુંજ ચાર રસ્તા નારણપુરા અમદાવાદ (૫) ભરતભાઇ રામસીંગભાઇ ઠાકોર ઉ.વ ૪૫ રહે-ઊડીફળી બેંક ઓફ ઇન્ડીયા પાછળ નરોડા ગામ અમદાવાદ

**વોન્ટેડ:** રાજેંદ્રભાઇ ઉર્ફે કાભઇ પટેલ રહે-નરોડા ગામ અમદાવાદ શહેર

**મુદ્દામાલ:-** અંગજડતીના નાંણા રૂ. ૧૮૪૪૦/- તથા દાવના નાંણા રૂ.૪૮૦૦/-તથા ગંજીપાના નંગ-૧૫૬ કિ.રૂ.૦૦/૦૦ તથા મોબાઇલ નંગ-૫ કિ.રૂ.૧૮૦૦૦/- તથા એક ટી.વી.એસ કંપનીનુ રેડીયર મો.સા જેની કુલ્લે કી. રૂ.૫૦,૦૦૦/- સાથે કુલ્લે કિ.રૂ.૯૧૨૪૦/- ના મુદ્દામાલ

## કામગીરી કરનાર કર્મચારીના નામ –

હંસપુરા પોલીસ ચોકી ઇન્ચાર્જ પો.સ.ઇ. એસ.એમ.ઠાકોર પો.કો. કલ્પેશભાઇ ધુળાભાઇ બ.નં-૪૯૮૨ તથા પો.કો સિધ્ધરાજસિંહ જશુજી બ.નં-૪૨૦૫ તથા લોકરક્ષક દેવેન્દ્રસિંહ ભિખુભા બ.નં-૦૨૫૧ તથા લોકરક્ષક લાલાભાઇ રચાભાઇ બ.નં-૧૩૨૪ તથા લોકરક્ષક નારણભાઇ રણશીભાઇ બ.નં-૧૧૬૬



# પાસા અટકાયતની વિગત

## મેઘાણીનગર પોલીસ સ્ટેશન :

### પ્રોહીબીશનના ગુનાના આરોપીને પાસા હેઠળ અટકાયત કરતી મેઘાણીનગર પોલીસ

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નરશ્રી સેક્ટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૪ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી “જી” ડિવીઝન નાઓના માર્ગદશન હેઠળ તેમજ પોલીસ ઇન્સપેક્ટર જે.એલ.ચૌહાણ નાઓની સુચના હેઠળ અમદાવાદ શહેરના મેઘાણીનગર વિસ્તારમાં પ્રોહિબીશનના ગુનાઓમાં પકડાયેલ આરોપી નામે ગણેશ ઉર્ફે ગનીયો ઉર્ફે બોગો સ/ઓ દેવાભાઈ જાતે મારવાડી ઉ.વ.૨૧ ધંધો- છુટક મજુરી રહે.મામુ પઠાણની ચાલી, કિર્તીનગર સોસાયટી સામે, ચમનપુરા, મેઘાણીનગર, અમદાવાદ શહેર નાની વિરુધ્ધમાં અત્રેના મેઘાણીનગર પો.સ્ટે. ખાતે નં.(૧) મેઘાણીનગર પો.સ્ટે. પાર્ટ.સી.ગુ.ર. નં.૧૧૧૯૧૦૩૩ ૨૦૧૧૮૬/૨૦૨૦ ધી પ્રોહી. એક્ટ કલમ ૬૬(૧)(બી), ૬૫(એ)(એ) મુજબ તથા નં.(૨) મેઘાણીનગર પો.સ્ટે. પાર્ટ.સી. ગુ.ર.નં.૧૧૧૯૧૦૩૩૨૦૧૨૪૪/૨૦૨૦ ધી પ્રોહી. એક્ટ કલમ ૬૬(૧)(બી), ૬૫(ઈ) મુજબ તથા નં.(૩)મેઘાણીનગર પો.સ્ટે. પાર્ટ.સી.ગુ.ર.નં.૧૧૧૯૧૦ ૩૩૨૦૧૮૯૬/૨૦૨૦ ધી પ્રોહી. એક્ટ કલમ ૬૬(૧)(બી), ૬૫(ઈ),૮૧ મુજબના ગુનાઓ નોંધાયેલ હોય સદરી ઈસમ વિરુધ્ધ મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓ સમક્ષ અત્રેના મેઘાણીનગર પો.સ્ટે. ખાતેથી પાસા દરખાસ્ત ભરી મોકલતા તેઓના પાસા હુકમ:-ક્રમાંક/પીસીબી/ ડીટીએન/પાસા/૧૨૩૮/૨૦૨૦ તા.૦૨/૧૨/૨૦૨૦ થી પાસા અટકાયતી તરીકે “મધ્યસ્થ જેલ-વડોદરા” ખાતે રાખવા હુકમ કરેલ હોય જે આધારે સદરી પાસા અટકાયતી અટકાયતીને આજરોજ તા.૦૨/૧૨/૨૦૨૦ ના કલાક ૨૦/૩૦ વાગે પાસા હુકમની બજવણી કરી જરૂરી જાપ્તા સાથે “મધ્યસ્થ જેલ-વડોદરા” ખાતે મોકલી આપેલ છે. તા.૦૨/૧૨/૨૦૨૦

#### કામગીરી કરનાર અધિકારી/કર્મચારી

(૧) પ્રો.પો.સ.ઈ. વી.એ.હરકટ

(૨) લોકરક્ષક આકાશ મહેશભાઈ બ.નં.૧૨૨૭૦

(૩) લોકરક્ષક જીગર મહેન્દ્રકુમાર બ.નં.૧૧૩૧૫



## નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયા:- સમાચાર યાદી નં.૨૦૮૨/૨૦૨૦

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૬ કેસ કરી, ૨૪ વ્યક્તિઓને ઝડપી, ૧૭૯ લીટર દેશી દારૂ, ૧૮ બોટલ ઇંગ્લીશ દારૂ, ૧૬ બિયર ટીન અને ૦૧ સ્કુટર કબજે કર્યુ હતુ. તેમજ જુગારધારા હેઠળ ૦૮ કેસ કરી ૨૧ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૪૮,૧૯૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયા:- સમાચાર યાદી નં.૨૦૮૩/૨૦૨૦

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૮૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૮ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

## ઘરફોડ:- સમાચાર યાદી નં.૨૦૮૪/૨૦૨૦

**સોલા હાઇકોર્ટ:** સમીરકુમાર પ્રેમાનંદ કટારીયા (રહે.પરમેશ્વર-૮, આવકાર હાઇટ્સની બાજુમા ચાંદખેડા) એ સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૯/૧૧/૨૦૨૦ સાજના ૫/૦૦ થી તા.૦૧/૧૨/૨૦૨૦ સવારના ૭/30 વાગ્યા દરમ્યાન સોલા ભાગવત વિદ્યાપીઠ સંકુલમા આવેલી ડી.એમ.વિધ્યાલય શાળામા અજાણી વ્યક્તિ પ્રવેશ કરી શાળામાંથી કોમ્પ્યુટર સેટ કિમત રૂપિયા ૮,૦૦૦/-, આઇબોલ કંપનીનુ ઇન્ટરનેટ બ્રોડબેન્ડ કિમત રૂપિયા ૨,૪૦૦/-, લીનોવો કંપનીનુ ટેબલેટ કિમત રૂપિયા ૧૨,૦૦૦/-, કેનન કંપનીનો કેમેરો કિમત રૂપિયા ૧૦,૦૦૦/- અને સી.સી.ટી.વી કેમેરાનુ એચ.પી કંપનીનુ મોનીટર કિમત રૂપિયા ૫૦૦૦/- મળી કુલ રૂપિયા ૩૭,૪૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.જે.હુણ ચલાવે છે.

## સોનાની ચેઈન ખેચી તોડી લઈ ગયા:- સમાચાર યાદી નં.૨૦૮૫/૨૦૨૦

**ખોખરા:** કુમુદબહેન વા/ઓ નીલેષકુમાર તોમર (ઉ.વ.૩૨)(રહે.શ્યામનગર ભગવતી સ્કુલની સામે ભાર્ગવ રોડ કુબેરનગર મેઘાણીનગર) તા.૦૨/૧૨/૨૦૨૦ બપોરના ૧૨/૦૦ વાગ્યાના સુમારે સી.ટી.એમ બ્રીજની બાજુમાં તક્ષશીલા એપાર્ટમેન્ટની સામેથી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ કુમુદબહેનના ગળમાંથી સોનાની ચેઇન કિમત રૂપિયા ૪૦,૦૦૦/- ખેચી તોડી લઇ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ કુમુદબહેન તોમર એ ખોખરા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.એન.ચુડાસમા ચલાવે છે.

**વાહન ચોરીઃ-** **સમાચાર યાદી નં.૨૦૮૬/૨૦૨૦**

**બાપુનગરઃ** નરેશભાઇ કાનજીભાઇ પટેલ (રહે. બ્લોક નં. ૭૪૦/૪૯૩૪ ગુજરાત હાઉસાંગ બોર્ડ પટેલ વાડી સામે બાપુનગર) એ તા.૩૦/૧૧/૨૦૨૦ સાંજના ૫/૩૦ વાગે પોતાના રહેણાંક નજીક પોતાની ઇકો ગાડી નંબર જીજે ૨૭ એપી ૩૭૨૮ કિમત રૂપિયા ૨,૦૦,૦૦૦/- પાર્ક કરી હતી. જેની ચોરી તા.૦૧/૧૨/૨૦૨૦ સવારના ૮/૦૦ વાગ્યા દરમ્યાન થઈ હતી. આ અંગેની ફરીયાદ નરેશભાઈ પટેલે બાપુનગર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી જે.એ.બારોટ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૨૦૮૭/૨૦૨૦**

**સાબરમતીઃ** શિલ્પીબહેન રવિભાઈ પટેલ (ઉ.વ.૩૭) (રહે. સાગા કોમ્પલેક્ષ નિરમા યુનિર્વસીટી પાછળ સાબરમતી) એ બિમારીથી કંટાળી તા.૦૨/૧૨/૨૦૨૦ બપોરના ૧/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ગેલેરીમાં લોખંડની ગ્રીલ સાથે દુપટ્ટો બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે સાબરમતી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.ઇ.શ્રી એ.એલ.મેહતા ચલાવે છે.

**રામોલઃ** ઉગન્તાબહેન વા/ઓ રાજેશભાઇ ચંદેલ (ઉ.વ.૪૫) (રહે. કૃષ્ણકુંજ સોસાયટી કામધેનુ મેદાનની બાજુમાં આર.ટી.ઓ.રોડ વસ્ત્રાલ) એ અગમ્ય કારણસર તા.૩૦/૧૧/૨૦૨૦ સવારના ૧૦/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ઝેરી દવા પી લીધી હતી. સારવાર માટે તેમને એલ.જી.હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૦૨/૧૨/૨૦૨૦ કલાક ૧૨/૪૦ વાગે તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે રામોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી વિદ્યાબહેન મુળાભાઇ ચલાવે છે.

**જીઆઈડીસી વટવાઃ** રોનકકુમાર ઉર્ફે રાહુલ દિલિપકુમાર જોષી (ઉ.વ.૩૨) (રહે. વિનોદપાર્ક સોસાયટી જશોદાનગર ચાર રસ્તા પાસે વટવા જીઆઈડીસી) એ અગમ્ય કારણસર તા.૦૧/૧૨/૨૦૨૦ રાતના ૯/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે છતના હુકમાં નાઈલોન દોરી બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે જીઆઈડીસી વટવા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી નરેન્દ્રસિહ મનુભા ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી